# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

********************************************************

**1)** LPG વહન કરતું બીજું ભારતીય "નંદા દેવી" જહાજ આજે ભારત પહોંચશે.

**2)** કતાર એરવેઝથી 1100 પ્રવાસીઓ સ્વદેશ પરત ફર્યા - આજે અમદાવાદ, બેંગલુરુ, અને દિલ્હી સહિતના શહેરો માટે ફ્લાઇટ્સનું સંચાલન કરાશે

**3)** આસામ, કેરલમ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ

**4)** વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બ્રસેલ્સમાં તેમના જર્મન, સ્લોવાકિયન, ગ્રીક તેમજ નેધરલેન્ડના સમકક્ષ સાથે મુલાકાત કરી.

**5)** અફઘાનિસ્તાનની હોસ્પિટલ પર પાકિસ્તાનના હવાઈ હુમલામાં 400ના મોત અને 250થી વધુ ઇજાગ્રસ્ત.

**6)** ફ્રાન્સમાં બેડમિન્ટન ઓર્લિયન્સ માસ્ટર્સ સુપર 300 ટુર્નામેન્ટમાં કિદામ્બી શ્રીકાંત, આયુષ શેટ્ટી, તન્વી શર્મા સહિતના ખેલાડી ભારતનું નેતૃત્વ કરશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# LPG – VESSEL

**LPG** વહન કરતું બીજું ભારતીય "નંદા દેવી" જહાજ આજે ભારત પહોંચશે. દરમિયાન કતારથી 46 હજાર મેટ્રિક ટન LPGનો પુરવઠો લઈને LPG કેરિયર જહાજ શિવાલિક ગઈકાલે ગુજરાતના મુન્દ્રા બંદરે પહોંચ્યું હતું. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ માહિતી આપી. તેમણે ઉમેર્યું હતું કે UAE થી રવાના થયેલ ભારતીય ધ્વજ વાળું જહાજ જગ લાડકી સુરક્ષિત રીતે ભારત પહોંચ્યુ છે.

# PARLIAMENT TODAY

લોકસભામાં આજે વર્ષ 2026-27 માટે રેલ્વે મંત્રાલયના નિયંત્રણ હેઠળની અનુદાનની માંગણીઓ પર આગળની ચર્ચા હાથ ધરાશે અને મતદાન થશે. ગઈકાલે ચર્ચાની શરૂઆત કરતા, કોંગ્રેસના તારિક અનવરે આરોપ લગાવ્યો કે, સરકાર પોતાના લક્ષ્યોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ છે. ભાજપના ગણેશ સિંહે કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં, રેલ્વેમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. તેમણે કહ્યું કે, નવી તકનીકો રજૂ કરવામાં આવી છે, અને રેલ્વે નેટવર્કનો પણ વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ આજે રાજ્યસભામાં, નાણામંત્રી નિર્મલા સીતારમણ વિચારણા અને લોકસભાને પરત મોકલવા વિનિયોગ વિધેયક, 2026 રજૂ કરે તેવી શક્યતા છે.

# COMMISSION-RATE-REVISION

કેન્દ્ર સરકારે સરકાર વતી ઘઉં અને ડાંગરની ખરીદીમાં રોકાયેલા આડતિયાઓ અને સહકારી મંડળીઓને ચૂકવવાપાત્ર કમિશન દરોમાં સુધારાને મંજૂરી આપી છે. સુધારેલા કમિશન દર રવી સીઝન 2026-27 થી અમલમાં આવશે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યુ કે પંજાબ અને હરિયાણામાં ઘઉં માટે 46 રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધારીને 50 રૂપિયા 75 પૈસા પ્રતિ ક્વિન્ટલ, જ્યારે રાજસ્થાનમાં ઘઉં માટે 45 રૂપિયા 67 પૈસા પ્રતિ ક્વિન્ટલ કમિશન મળશે. ડાંગર માટે કમિશનનો દર 50 રૂપિયા 61 પૈસા પ્રતિ ક્વિન્ટલ કરાયો છે.

કમિશન દરોમાં સુધારો કરવાના હેતુ ખરીદી પ્રણાલીની સતત કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવાનો અને સરકાર વતી ખરીદ કામગીરીને સરળ બનાવવામાં સામેલ એજન્સીઓને ટેકો આપવાનો છે.

# QATAR EMBASSY-ADVISORY

દોહા સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું કે, ગઈકાલે કતાર એરવેઝની ફ્લાઇટ્સ દ્વારા લગભગ એક હજાર 100 ભારતીય મુસાફરોએ નવી દિલ્હી, મુંબઈ, કોચી અને અન્ય સ્થળોએ મુસાફરી કરી છે. જાહેર કરાયેલ એક માર્ગદર્શિકામાં ભારતીય દૂતાવાસે જણાવ્યું કે, આ સ્થળોએ ફ્લાઇટ્સનું આયોજન પણ આજે કરવામાં આવ્યું છે. તેમાં ઉમેર્યું હતું કે, કતાર એરવેઝ 18 માર્ચથી અમદાવાદ,

અમૃતસર, બેંગલુરુ, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, કોચી, કોઝિકોડ અને મુંબઈ માટે ફ્લાઇટ્સનું સંચાલન કરશે. આ ફ્લાઇટ્સ બુક કરવા અને નવીનતમ ફ્લાઇટ અપડેટ્સ માટે, મુસાફરો કતાર એરવેઝની વેબસાઇટ અથવા એપ્લિકેશનની મુલાકાત લઈ શકે છે. સાઉદી અરેબિયા થઈને ભારત જવા માંગતા, કતારમાં ફસાયેલા ભારતીય નાગરિકો માટે સાઉદી અરેબિયા માટે કામચલાઉ ટ્રાન્ઝિટ વિઝાની સુવિધા ચાલુ રખાશે.

# ELECTION

આસામ, કેરલમ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થયો છે. ગત રવિવારે તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની સાથે આ ત્રણ રાજ્યોમાં પણ વિધાનસભા ચૂંટણીનું સમયપત્રક જાહેર કરાયું હતું. આસામ, કેરળમ અને પુડુચેરીમાં 9 એપ્રિલે મતદાન થશે. જ્યારે મતગણતરી 4 મેએ હાથ ધરાશે. દરમિયાન વિધાનસભા ચૂંટણી માટે ખર્ચ નિરીક્ષકો આજે કેરળમ પહોંચશે જ્યારે સામાન્ય ચૂંટણી નિરીક્ષકો આવતીકાલથી તેમની કામગીરી શરૂ કરશે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન ટેકનોલોજી આધારિત દેખરેખ પર ખાસ ભાર મૂકવામાં આવશે. તમામ મતદાન મથકો પર વેબ કાસ્ટિંગ ફરજિયાત બનાવવામાં આવી રહ્યું છે. જો કોઈપણ બૂથ પર વેબ કાસ્ટિંગ કરવામાં નહીં આવે, તો ફરીથી ચૂંટણીનો નિર્ણય લેવાશે.

રાજ્યના ચૂંટણી ઇતિહાસમાં પહેલીવાર, જાહેર રેલી કે સંવેદનશીલ વિસ્તારોમાં પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા ડ્રોનનો ઉપયોગ કરાશે. 55 વિધાનસભા મતવિસ્તારોને પહેલાથી જ સંવેદનશીલ જાહેર કરાયા છે.

# SJE-AMRIT UDYAN

રાષ્ટ્રપતિ ભવન ખાતે અમૃત ઉદ્યાન આજે વરિષ્ઠ નાગરિકો માટે ખુલ્લું મૂકવામાં આવશે. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને દિલ્હી પોલીસના વરિષ્ઠ નાગરિક સેલ સહિતની સંસ્થાઓના સહયોગથી આ મુલાકાતનું આયોજન કરાયું છે. મંત્રાલયે જણાવ્યું વરિષ્ઠ નાગરિકોને અમૃત ઉદ્યાનની સુંદરતાનો અનુભવ કરવાની તક પૂરી પાડવા અને સામાજિક અને મનોરંજક પ્રવૃત્તિઓમાં તેમની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી આજે વિશેષ કરીને અમૃત ઉદ્યાન વરિષ્ઠજનો માટે ખુલ્લુ મુકાઇ રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# UTTARAKHAND - CHAAR DHAM YATRA

ઉત્તરાખંડ સરકારે આ વર્ષની ચાર ધામ યાત્રા માટે ખાસ આરોગ્ય વ્યવસ્થા કરી છે. યાત્રામાં આવનારા યાત્રાળુઓના સ્વાસ્થ્યનું વાસ્તવિક સમયમાં 'ઈ-સ્વાસ્થ્ય ધામ' પોર્ટલ દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે જેથી જરૂર પડ્યે તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડી શકાય.

# JAISHANKAR-MEETINGS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બ્રસેલ્સમાં તેમના જર્મન સમકક્ષ જોહાન વાડેફુલ, સ્લોવાકિયન સમકક્ષ જુરાજ બ્લાનર, ગ્રીક સમકક્ષ જોર્જ ગેરાપેટ્રીટિસ અને ડચ સમકક્ષ ટોમ બેરેન્ડસેનને મળ્યા. બેઠક દરમિયાન દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરાઇ.

સાંભળીએ એક અહેવાલ..

VC- PRACHI

# REV-AFGHAN-ATTACK

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલની એક હોસ્પિટલમાં પાકિસ્તાને કરેલા હવાઈ હુમલામાં 400 લોકોના મોત અને 250થી વધુ ઇજાગ્રસ્ત થયા છે.

સાંભળીએ એક અહેવાલ...

## VC – KARAN MAKVANA

*(આ હુમલો બંને દેશોએ સરહદ પર ગોળીબાર કર્યાના કેટલાક કલાકો પછી થયો હતો. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું કે, પાકિસ્તાનના હવાઈ હુમલામાં હોસ્પિટલનો મોટો ભાગ નષ્ટ થતાં મૃતકોની સંખ્યા વધી શકે છે. તેમણે કહ્યું કે, પાકિસ્તાને ફરી એકવાર અફઘાનિસ્તાનના હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું છે.*

*માનવ અધિકારો માટેના સંયુક્ત રાષ્ટ્રના વિશેષ સંવાદદાતા રિચાર્ડ બેનેટે, હોસ્પિટલ પરના હુમલામાં નાગરિકોની જાનહાનિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે આ હુમલાની કડક ટીકા કરતાં કહ્યું કે, હોસ્પિટલો જેવા જાહેર સ્થળોને નિશાન બનાવવું જોઈએ નહીં. હુમલાને કારણે કાબુલમાં પરિસ્થિતિ તણાવપૂર્ણ બની છે.*

*કરણ મકવાણા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# BADMINTON - ORLEANS MASTERS

બેડમિન્ટનમાં, સિનિયર ખેલાડી કિદામ્બી શ્રીકાંત અને યુવા ખેલાડી આયુષ શેટ્ટી અને તન્વી શર્મા આજથી ફ્રાન્સના પેલેસ ડેસ સ્પોર્ટ્સ ખાતે શરૂ થનારી ઓર્લિયન્સ માસ્ટર્સ સુપર 300 ટુર્નામેન્ટમાં ભારતના પડકારનું નેતૃત્વ કરશે. થરૂન માનેપલ્લી અને કિરણ જ્યોર્જ પણ ભારતના પુરુષોની સિંગલ્સમાં રમશે.

મિશ્ર ડબલ્સમાં, તનિષા ક્રાસ્ટો ધ્રુવ કપિલા સાથે રમશે, જ્યારે રોહન કપૂર અને રૂત્વિકા શિવાની ગદ્દે બીજી ભારતીય જોડી બનાવશે. એશિયન ગેમ્સ ચેમ્પિયન ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રંકી રેડ્ડીની ગેરહાજરીમાં ભારતના પુરુષ ડબલ્સ પડકારનું નેતૃત્વ હરિહરન અમસાકરુણન અને એમઆર અર્જુન કરશે.

ખભાની ઇજાને લીધે એચ એસ પ્રણય તેમજ લક્ષ્ય સેન અને બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ આ ટૂર્નામેન્ટમાં રમશે નહિ.

## TRUMP-BEIJING TRIP

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમણે ઈરાન સાથેના સંઘર્ષને પગલે અમેરિકામાં રહેવાની જરૂરને લઈને ચીનની મુલાકાત મોકૂફ રખાઇ છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે ચીનને મુલાકાત લગભગ એક મહિના માટે મુલતવી રાખવા કહ્યું હતું.

શ્રી ટ્રમ્પ આગામી 28 માર્ચથી 1 એપ્રિલ સુધી ચીનની મુલાકાતે જવાના હતા. જો કે નવી તારીખોની જાહેરાત કરવામાં આવી નથી.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં રાજ્યસભા ચૂંટણીનું પરિણામ અને પશ્ચિમ એશિયા સંઘર્ષ અંગેના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- સંદેશનું મુખ્ય શીર્ષક છે – રાજ્યસભા ચૂંટણી :બિહાર- ઓડિશામાં ખેલ થયો
- ફૂલછાબ લખે છે – રાજ્યસભાની ચૂંટણી :બિહારમાં પાંચેય બેઠક ઉપર એનડીએનો કબજો
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે – હોર્મુંઝ ખાડીમાં યુદ્ધ જહાજો મોકલવા સાથી દેશોનો ઇનકાર
- બ્રિટેન, જર્મની, જાપાને યુદ્ધ જહાજો ઉતારવાની ટ્રમ્પની અપીલ નકારી, LPG લઈને શિવાલીક જહાજ ભારત પહોંચ્યું અને જથ્થાબંધ મોંઘવારી એક વર્ષની ટોચે સહિતના સમાચારો પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.